# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-07-2026** **EVENING: 7.10 TO 7.20**

**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

****************************************************

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી ત્રણ દિવસ રાજ્યના પ્રવાસે.
2) ઑપરેશન મ્યુલહન્ટ હેઠળ 19 આરોપીની ધરપકડ – 250 કરોડ રૂપિયાથી વધુના શંકાસ્પદ સાયબર નાણાકીય વ્યવહારનો ખૂલાસો.
3) અમદાવાદના સરસપુરમાં ભગવાન જગન્નાથજીનું મામેરું ભરાયું – મથુરા-વૃંદાવનથી તૈયાર કરાયેલા મુગટ, વાઘાં અને આભૂષણ ભગવાનને અર્પણ.
4) સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં આગામી 17 તારીખ સુધી સામાન્ય વરસાદની આગાહી.
5) વડોદરાનાં નિશાનેબાજ ખેલાડી મયુરી રાઠોડે રાજ્ય રાયફલ શૂટિંગ સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો.

-----------------------------

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# HM AMIT SHAH VISIT

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી ત્રણ દિવસ રાજ્યના પ્રવાસે આવશે. સત્તાવાર યાદી મુજબ, તેઓ આજે રાત્રે અમદાવાદ પહોંચશે. આવતીકાલે તેઓ અમદાવાદમાં મહાનગરપાલિકા, અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ – ઔડા તથા માર્ગ અને મકાન વિભાગના અંદાજે 405 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે તેમજ વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.**

## (VOICECAST: JAYESH PATEL)

(.... કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાજ્યના પ્રવાસ દરમિયાન આવતીકાલે અમદાવાદમાં વિવિધ વિસ્તારમાં વૃક્ષારોપણ અભિયાન હેઠળ યોજાનારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. સૌપ્રથમ તેઓ સવારે સોલાના સાયન્સ સિટીમાં સાયન્સ ડૉમ ખાતે સામૂહિક વૃક્ષારોપણ અભિયાનનો શુભારંભ અને વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત તથા લોકાર્પણ સમારોહમાં ઉપસ્થિત રહેશે. અહીં તેઓ જાહેરસભા પણ સંબોધશે. ત્યારબાદ શ્રી શાહ ભાડજ અને બોપલ વિસ્તારમાં AMC પ્લોટ ખાતે તથા અને ગાંધી આશ્રમ વિસ્તારમાં NDDB પ્લોટ ખાતે વૃક્ષારોપણ કરશે. ઉપરાંત શ્રી શાહ પ્રહલાદનગર વિસ્તારમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ – ABVPના અમીરગઢના કાર્યકર્તા રમણ પટેલના 75-મા જન્મદિવસ સમારોહમાં ઉપસ્થિત રહેશે. ઉપરાંત તેઓ અમદાવાદમાં અંદાજે 60 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે નવનિર્મિત સરકારી આવાસોનું ઇ-લોકાર્પણ કરશે.

જયેશ પટેલ, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.)

# CM BACK TO SCHOOL MISSION

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બેક ટૂ સ્કૂલ મિશન હેઠળ બનાસકાંઠાની શાળામાં પુનઃપ્રવેશ મેળવનારા 12 જેટલા વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો. શ્રી પટેલે વિદ્યાર્થીઓના શૈક્ષણિક અનુભવ અને ભવિષ્યની તેમની આશાઓ અંગે માહિતી મેળવી. શ્રી પટેલે સમાજના સર્વાંગી વિકાસ માટે દિકરીઓનું શિક્ષિત બનવું ઘણું જરૂરી હોવા પર ભાર આપ્યો. આ અંગે વિદ્યાર્થિની આશા ભીલનો પ્રતિભાવ સાંભળીએ.

(BYTE: ASHA BHIL, STUDENT)

ઉલ્લેખનીય છે કે, વર્ષ 2023થી 2026 દરમિયાન વિવિધ કારણોસર શિક્ષણ અધવચ્ચે મુકી દેનારાં બાળકોને ફરીથી શિક્ષણના મુખ્યપ્રવાહ સાથે જોડવા રાજ્ય સરકાર દ્વારા આ અભિયાન હાથ ધરાયું છે. બનાસકાંઠામાં અત્યાર સુધી 29 હજારથી વધુ બાળકોએ શાળામાં ફરી પ્રવેશ મેળવ્યો છે.

# OPERATION MULE HUNT 2

ગાંધીનગરના સાયબર સેન્ટર ઑફ એક્સલેન્સ દ્વારા ઑપરેશન મ્યુલહન્ટ 2.0 હેઠળ 19 આરોપીની ધરપકડ કરવામાં આવી. 21 રાજ્યમાં નોંધાયેલા 146 સાયબર ગુનાઓમાં તમામ આરોપીઓની સંડોવણી હોવાનું જણાયું. સાથે જ અત્યાર સુધીમાં 250 કરોડ રૂપિયાથી વધુના શંકાસ્પદ સાયબર નાણાકીય વ્યવહારનો ખૂલાસો થયો હોવાનું સાયબર સેન્ટર ઑફ એૅક્સેલન્સના SP ડૉ. રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું.

**(BYTE: DR. RAJDEEPSINH ZALA, SP, CYBER CENTER OF EXCELLENCE)**

# JND LION ATTACK

જુનાગઢમાં ગિરનાર પર્વત પર 12 વર્ષના બાળક પર હુમલો કરનારા સિંહને પકડી પડાયો છે. આ અંગે પ્રતિક્રિયા આપતા વન અને પર્યાવરણ રાજ્યમંત્રી પ્રવીણ માળીએ કહ્યું, આ ઘટના બાદ ત્રણ સિંહને બેભાન કરીને પકડી લેવાયા. રાજ્યમાં લોકો પર સિંહોના હુમલા અને સિંહોની પ્રકૃતિમાં આવેલા બદલાવ અંગે અભ્યાસ કરવા ભારતીય વન્યજીવન સંસ્થાને જણાવાયું હોવાનું મંત્રીશ્રીએ જણાવ્યું.

**(BYTE: PRAVIN MALI, MINISTER OF STATE FOREST AND ENVIRONMENT)**

વહેલી સવારે બનેલી આ હુમલા બાદ ગિરનાર પર્વતની મુખ્ય સિડી સામાન્ય અવરજવર માટે બંધ કરવામાં આવી છે.

# AMRELI-LION-ATTACK

અમરેલીમાં ગેરકાયદે સિંહદર્શન કરવા મામલે પકડાયેલા બે લોકોએ તેઓ સિંહોની ઉશ્કેરણી કરવા જ ગયા હોવાની કબૂલાત કરી છે. વનવિભાગની પ્રાથમિક પૂછપરછમાં તેમણે પુરાવાનો નાશ કરવા મોબાઈલ ડેટા ડિલીટ કર્યો હોવાનું પણ જણાયું.

ઉલ્લેખનીય છે કે, જિલ્લાના અંટાળિયા વિસ્તારમાં બે દિવસ પહેલા ગેરકાયદે સિંહદર્શન કરવા ગયેલા ત્રણમાંથી એક યુવક પર સિંહે હુમલો કરતાં તેનું મોત થયું હતું. ત્યારબાદ લિલિયા વન વિભાગે બે લોકોની ધરપકડ કરી હતી.

# GIFT CITY BHARATI MELO

ગાંધીનગરમાં ગિફ્ટ સિટીના રોજગાર મેળામાં 45 યુવાનોની પ્રાથમિક પસંદગી થઈ છે. જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ટેક મહિન્દ્રા કંપની ખાતે યોજાયેલા રોજગાર મેળામાં 50 જગ્યા માટે પસંદગી પ્રક્રિયા હાથ ધરાઈ. તેમાં કસ્ટમર સપોર્ટ એસોસિએટના પદ માટે 67 જેટલા ઉમેદવારોએ ઇન્ટરવ્યૂ આપતા 45 ઉમેદવારની પસંદગી થઈ છે.

આ મેળામાં ઉમેદવારોને પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના, માય ભારત પૉર્ટલ, મુખ્યમંત્રી ઍપ્રેન્ટિસ યોજના અને પ્રધાનમંત્રી ઇન્ટર્નશિપ યોજના સહિતની સરકારી પહેલ અંગે માર્ગદર્શન અપાયું.

# CHOTILA KHANIJ CHORI

સુરેન્દ્રનગરના ચોટીલામાં ગેરકાયદે ખનન કરતા ત્રણ ડમ્પરને ઝડપી લેવાયા. અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે, તપાસ દરમિયાન મૂળી તાલુકામાંથી બ્લેક ટ્રેપ ભરેલા 90 લાખ રૂપિયાની કિંમતના ત્રણ વાહન કબજે કરાયા. તેમાં નિયત ક્ષમતા કરતા વધુ પ્રમાણમાં સામાનનું પરિવહન થતું હોવાનું જણાતા આગળની કાર્યવાહી હાથ ધરાઈ.

# JND ROAD ACCIDENT

જુનાગઢ નજીકના મજેવડી ગામ પાસે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં છ લોકોના મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ સંજીવ મહેતા જણાવે છે, બનાસકાંઠાનો એક પરિવાર તેમના સ્વજનના અસ્થિ વિસર્જન માટે સોમનાથ મંદિરે જઈ રહ્યો હતો. દરમિયાન વહેલી સવારે મજેવડી ગામ પાસે બંધ ટ્રક સાથે તેમનું વાહન અથડાતા એક જ પરિવારના 4 લોકોના ઘટનાસ્થળે અને બે લોકોનું સારવાર દરમિયાન મોત નીપજ્યું. જ્યારે બે ઇજાગ્રસ્ત જુનાગઢની સિવિલ હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

---------------------------------------------------------------------------

**DESK**

# AMD RATHYATRA

**અમદાવાદમાં ભગવાન જગન્નાથજી 149-મી રથયાત્રાની ભક્તો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. તેવામાં આજે સરસપુરમાં ભગવાનના મામેરાની પરંપરાનું ભવ્ય આયોજન કરાતા ભક્તોએ મામેરાના દર્શન કર્યા. મોટી સંખ્યામાં સાધુ-સંતો, મહંતો અને હરિભક્તોની ઉપસ્થિતિમાં ધાર્મિક વિધિઓ સંપન્ન થઈ. દરમિયાન સમગ્ર મંદિર પરિસર જય જગન્નાથના નાદથી ગુંજી ઉઠ્યું હતું.**

## (VOICECAST: SHIRALI CHAVDA)

(.... અમદાવાદમાં પવિત્ર રથયાત્રા નિમિત્તે સરસપુરની વાસણ શેરી અને ભગવાન જગન્નાથના પ્રાચીન જૂના મોસાળ તરીકે ઓળખાતા ભલા ભગતની જગ્યા સ્થિત રણછોડજી મંદિરે ઐતિહાસિક મામેરાની પરંપરાનું ભવ્ય આયોજન કરાયું. શુભ દેવશયની અગિયારસના પાવન અવસરે લાખેણા મામેરાના ભવ્ય દર્શન યોજાયા. ભગવાન જગન્નાથજીને મથુરા–વૃંદાવનના કારીગરો દ્વારા તૈયાર કરાયેલો વિશેષ મુગટ તેમજ સુંદર કલાત્મક વાઘાં અને આભૂષણ અર્પણ કરાયા છે. જ્યારે ભગવાનનાં બહેન સુભદ્રાજીને રાણી રંગના વાઘાં સાથે પાર્વતી શૃંગાર, નથ, સોના-ચાંદીના આભૂષણ અર્પણ કરાયાં. ઉપરાંત ભગવાન જગન્નાથજીનાં મોટા ભાઈ ભગવાન બલરામજી માટે ભેટ સ્વરૂપે હળ સમર્પિત કરાયું હતું.

શિરાલી ચાવડા, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.)

# STATE WEATHER FORECAST

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં આવતીકાલથી આગામી 17 તારીખ સુધી છૂટાછવાયા સ્થળ પર વરસાદની આગાહી છે. દરમિયાન આગામી બે દિવસ ઉત્તર ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારમાં માછીમારોને ચેતવણી અપાઈ હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું.

**(BYTE: RAMASHRAY YADAV, SCIENTIST, IMD AHMEDABAD)**

# EVE STATE RAIN DATA

રાજ્યભરમાં બે દિવસના વિરામ બાદ આજે સાંજે છ વાગ્યા સુધીમાં માત્ર 2 તાલુકામાં સામાન્ય વરસાદ થયાના અહેવાલ છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો કુલ સરેરાશ 25 ટકા વરસાદ નોંધાયો છે. તેના કારણે રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા યોજનામાં 66 ટકા જેટલો જળસંગ્રહ થયો છે. તો, 10 બંધને હાઈઅલર્ટ પર રખાયા છે.

# VDR PLAYER MEDAL

વડોદરાનાં નિશાનેબાજ ખેલાડી મયુરી રાઠોડે 62-મી ગુજરાત રાજ્ય રાયફલ શૂટિંગ સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો. તાજેતરમાં અમદાવાદમાં યોજાયેલી આ સ્પર્ધામાં ISSF મહિલા ઑપન 50 મીટર ફ્રી સ્ટાઇલ શ્રેણીમાં રાજ્યનાં શ્રેષ્ઠ રાયફલ નિશાનેબાજો સાથે મુકાબલો કરીને તેમણે આ સિદ્ધિ મેળવી.

રાજ્યનું પ્રતિનિધિત્વ કરી ઉત્તમ સ્કોર સાથે રાષ્ટ્રીય સ્પર્ધાઓ માટે ક્વાલિફાય થઈ તેમણે ચાર વર્ષ સતત રાષ્ટ્રીય વિખ્યાત નિશાનેબાજ તરીકે માન્યતા મેળવી છે. અગાઉ અનેક સ્પર્ધામાં તેમણે રજત ચંદ્રક જીત્યો છે. તેમજ જિલ્લાકક્ષાએ વિજેતા પણ રહ્યાં છે.

# FOOTBALL REFEREE

રાજ્યના પાંચ ફૂટબૉલ રેફરી વિલિયમ જે. કોસી, જાર્વિસ મેકવાન, કુમાર પિલ્લઈ, પ્રતિક બજાજ અને ફીફા રેફરી રચના કામાણીની આવતા વર્ષે અખિલ ભારતીય ફૂટબૉલ મહામંડળ – A.I.F.F.ની મોટી ટૂર્નામેન્ટમાં રેફરી તરીકે પસંદગી થઈ. ગુજરાત રાજ્ય ફૂટબોલ સંગઠનના આ તમામ રેફરીએ મધ્યપ્રદેશમાં AIFF દ્વારા લેવાયેલી શ્રેણી એકની વાર્ષિક સ્વાસ્થ્ય કસોટી પાસ કરી છે. હવે તેઓ આગામી દિવસોમાં યોજાનારી AIFFની ઇન્ડિયન સુપર લીગ, ડુરાન્ડ કપ, આઈ લીગ, સંતોષ ટ્રૉફી વગેરે જેવી પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટમાં રેફરીની ભૂમિકા ભજવશે.

# BAHUCHRAJI-RAILWAY

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના કટોસણ રોડ–બહુચરાજી–રણુજ બ્રોડગેજ રેલખંડનું સંરક્ષા નિરીક્ષણ પૂર્ણ કરાયું. 120 કિલોમીટર પ્રતિકલાકની ઝડપે સફળ ટ્રેનની ઝડપ માપવામાં આવી, રેલવે સુરક્ષા કમિશનર દ્વારા કરાયેલા નિરીક્ષણ દરમિયાન ટ્રેકની ગુણવત્તા, સિગ્નલ અને દૂરસંચાર પ્રણાલી, બ્રિજ તેમજ અન્ય તમામ સુરક્ષા ધોરણોની તપાસ કરવામાં આવી. અંદાજે એક હજાર કરોડ રૂપિયાના ખર્ચે વિકસિત આ પરિયોજના પૂર્ણ થતાં ધાર્મિક પ્રવાસન, ઔદ્યોગિક વિકાસ તેમજ પ્રાદેશિક પરિવહન વ્યવસ્થાને નવી ગતિ મળશે.